# ગાઈલાઈન્સનું ચુસ્ત પાલન સાથે શાળા-કોલેજો શરૂ થશે

## રાજ્યમાં તબક્કાવાર શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે : શરૂ થનારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સરકારે કમર કસી

ગાંધીનગર, તા.૧૪
રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણના લીધે ઉદભવેલી પરિસ્થિતીના કારણે એક બાજુ આખી દુનિયામાં લોકોના કામધંધાને અસર થઈ હતી. બીજી તરફ માર્ચ મહિનાથી રાજ્યની શાળાઓ અને કોલેજો પણ બંધ છે. બાળકોના અભ્યાસને લઈને વાલીઓથી લઈ સરકાર પણ ચિંતિત છે. ત્યારે ૧૧ નવેમ્બરે ગાંધીનગર ખાતે કેબિનેટની બેઠક મળી હતી. જેમાં દિવાળી બાદ રાજ્યમાં શાળાઓ ચાલુ કરવા મુદ્દે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૩ નવેમ્બરથી શાળાઓ ખુલશે. ધોરણ – ૯થી ૧૨ના વર્ગો એસઓપી પ્રમાણે શરૂ કરાશે. કોલેજોમાં પણ ૨૩ નવેમ્બરથી શિક્ષણકાર્ય શરૂ થવાની જાહેરાત કરાઈ હતી. આમ તબક્કાવાર શિક્ષણકાર્ય ગુજરાતમાં શરૂ થશે. ૨૩ નવેમ્બરથી ગુજરાતમાં યુનિવર્સિટી અને કોલેજો પુનઃ શરૂ કરવા આદેશ આપી દેવામાં આવ્યા છે. યુનિવર્સિટી અને કોલેજો શરૂ કરવા યુજીસીએ જાહેર કરાયેલા પરિપત્રને લઈને ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવી છે. રાજ્યના શિક્ષણ વિભાગ યુનિવર્સિટી કે કોલેજોના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓને આ ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે મુજબ કોલેજના લેક્ચરમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થાએ વિદ્યાર્થી અથવા વાલી પાસેથી સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાઈ શકે તેઓ માટે ઓનલાઈન અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે. ઉપરાંત યુજીસી દ્વારા ૫મી નવેમ્બરે બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન્સ તેમાં ઉમેરાઈ છે. પહેલા તબક્કામાં પી.જી, પી.એચ.ડી. એમ.ફિલ વગેરે અભ્યાસક્રમો, મેડિકલ/પેરામેડિકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમના માત્ર છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને ક્લાસમાં ભણાવવામાં આવશે. અન્ય વર્ગોમાં ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે.

વિદ્યાર્થીઓની સંખ્યા અથવા વિષયની જરૂરિયાતને જોતા ક્લાસની સંખ્યા મુજબ લેક્ચર ગોઠવવાના રહેષે. જેમાં યુજીસીની ગાઈડલાઈન મુજબ, કોલેજોએ ૫૦-૫૦ ટકા વિદ્યાર્થીઓના બે વર્ગો બોલાવવાના રહેશે અથવા ૧/૩ના ત્રણ વર્ગો ગોઠવવાના રહેશે. જો ક્લાસની જરૂર હોય તો વિદ્યાર્થીઓને સતત ત્રણ દિવસ બોલાવવામાં આવે. આ પછીના દિવસોમાં અન્ય વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે.

હોસ્ટેલની સુવિધા જો આપવામાં આવે તો હાલમાં એક રૂમમાં એક જ વિદ્યાર્થીને સ્થાન આપવામાં આવશે. આ ઉપરાંત કોલેજ/યુનિવર્સિટીમાં ફેસ માસ્ક, સેનિટાઈઝેશનનું ધ્યાન રાખવામાં આવશે. વર્ગોનું સમય-સમય પર સેનિટાઈઝેશન કરવામાં આવશે તથા લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓ કેમ્પસમાં ન આવે તેનું પણ ધ્યાન રાખવામાં આવશે. આ ગાઈડલાઈન શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ તથા સરકારી અને ખાનગી કોલેજોમાં લાગુ રહેશે.

દિવાળીની શુભેચ્છા સહ
નૂતન વર્ષાભિનંદન...
દિવાળીના તહેવારો નિમિત્તે અમારી સેક્ટર-૭ અને સેક્ટર-૨૧ની દુકાનો તા. ૧૬, ૧૭, ૧૮ નવેમ્બર (સોમ, મંગળ, બુધ) બંધ રહેશે.
તા. ૧૯ નવેમ્બર-૨૦૨૦ ગુરૂવારે સવારના ૧૦ કલાકથી રાબેતા મુજબ ચાલુ રહેશે.
આપના સાથ સહકારની અપેક્ષા સહ
અરિહંત રેડીમેડ ગારમેન્ટ્સ
● સેક્ટર-૨૧ ● સેક્ટર-૭
શુભેચ્છા સહ : મોહકભાઈ જયેશભાઈ જયસુખલાલ જાટકીયા : ૯૯૭૪૦૪૧૩૬૮

# ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ

## ગાંધીનગરમાં ૯, કલોલમાં ૪, દહેગામમાં ૪ કેસ : જિલ્લામાં ૨૫૬૧ દર્દીઓ કોરોનામુક્ત થયા

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના વધુને વધુ બેકાબુ બની વકરી રહ્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૭ કેસમાં છ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જોકે નવા નવા ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રની સબ સલામતની પોકળતા છતી થવા લાગી છે. જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૪, કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે.

કોલવડા ગામેથી ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણ ગામમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય ગૃહીણી, ૩૬ વર્ષીય ખેડૂત અને ૫૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાંદેસણ ગામેથી ૩૬ વર્ષીય ગૃહીણી અને ૧૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. ૪૩ વર્ષીય વેપારી અને ૩૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. જ્યારે એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળેલ છે.

અર્બન વિસ્તારમાંથી ૩૭ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૧૭ વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. ત્રીજો કેસ ૪૫ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો મળ્યો છે. જેને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દેવકરણના મુવાડા ખાતેથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાંથી પણ આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળેલ છે.

જામળા ગામેથી આજે ૩ કેસ મળી આવેલ છે. ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ ઉપરાંત ૬૮ વર્ષીય ગૃહીણી અને ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે જિલ્લામાં ૨૫૬૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૨,૯૦૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે.

Uren Patel
+91 94260 11008
+91 98242 47007
VAJ INFOMEDIA
Authorised Dealer
DELL EPSON iNTEX Lenovo AXIS iball ahua SAMSUNG HIKVISION CP PLUS
Plot No. 18, Shop No. 1, 2nd Floor, Suman Tower, Sector-11, Gandhinagar-382011. Gujarat, India
Phone : (O) 079 232 47007
E-mail : vajinfomedia@yahoo.co.in

Uren Patel
+91 94260 11008
+91 98242 47007
VAJ INTERNATIONAL
Parcle Services
Plot No. 18, Shop No. 1, 2nd Floor, Suman Tower, Sector-11, Gandhinagar-382011. Gujarat, India
Phone : (O) 079 232 47007
E-mail : vajinternational@yahoo.co.in
U.K., U.S.A. & Other Countries Specialist
દેશ-પરદેશમાં પાર્સલ મોકલવા માટેના સ્પેશ્યાલિસ્ટ
DHL EXPRESS ups DOMBINO EXPRESS FedEx TPL

પરમકૃપાળુ પરમત્મા સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિની શીતળ છાયંડી આપે તેવી મનોકામના સહ...
નૂતન વર્ષાભિનંદન...
શુકન INDUSTRIAL PARK
INDUSTRIAL PLOTS STARTS FROM 650 SQ.YD.
Site : Shukan Industrial Park, Nr. Jogni Mata Mandir, Nr. Sector-26 GIDC, Surve No. 1176, 1177, Pethapur, Gandhinagar.
Contact : 9998973875 / 9898988585

પ્રમોટર : અર્બુદા બ્રિક્સ (AB) (Since : 1979)
વિજય પેટ્રોલ પંપ (HP) સેક્ટર-૧૧
શુકન ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ સર્કલ, વસંતવગડાની સામે, ગાંધીનગર-માણસા રોડ, ગાંધીનગર
98250 27675, 98989 88585
99989 73875, 98252 20975

પંકજસિંહ પ્રવીણસિંહ વાઘેલા
વિજય ઓટો મોબાઈલ
ડીલર : હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન
વિક્રેતા : સી.એન.જી. ગેસ
તમામ કેડીટ કાર્ડ સ્વીકાર્ય
પ્લોટ નં. ૧૨, ‘ચ’ માર્ગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૧૧
ફોન નં. ૨૩૨ ૩૦૬૭૫, મો. ૯૮૨૫૨ ૨૦૯૭૫

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો ઓ ન્યુ ક્રેડિટ સોસાયટી, સંસ્થાના સર્વે સભાસદ મિત્રો, થાપણદારો મિત્રો તથા શુભેચ્છકોને
‘નૂતન વર્ષાભિનંદન’
પાઠવે છે. નૂતન વર્ષ આપ સર્વેને ફળદાયી તેમજ લાભદાયી નીવડે તેવી શુભેચ્છા
શુભેચ્છક
સર્વે બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
જયેશકુમાર એસ. જોષી – પ્રમુખ
કનુભાઈ આર. પટેલ – ઉપપ્રમુખ
ઉમેશકુમાર પી. વસાવા – માનદમંત્રી
ચેતન એસ. દવે – સહમંત્રી
હિરેનકુમાર આર. પટેલ – ચેરમેન લોન સમિતિ
વિપુલ કે. રાઠવા – ચેરમેન ખરીદ સમિતિ
મૌલિકકુમાર બી. પટેલ – ડીરેક્ટર
ધવલ એસ. શાહ – ડીરેક્ટર
વત્સલકુમાર આર. વોરા – ડીરેક્ટર
દિપકભાઈ એસ. પટેલ – ડીરેક્ટર
જીતેન્દ્ર જે. સોની – ડીરેક્ટર
જયેશકુમાર એ. રાવલ – ડીરેક્ટર
હર્ષદસિંહ જે. વાઘેલા – ડીરેક્ટર
મુકેશ જી. મોલાડીયા – ડીરેક્ટર
મુકેશ કે.ઠાકર – મેનેજર
રમેશચંદ્ર બી. પટેલ – કલાર્ક
ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા – કલાર્ક
વિષ્ણુભાઈ એચ. પ્રજાપતિ – કલાર્ક
સંજય એન. જાની – પ્યુન
પરેશભાઈ એ. દવે – પ્યુન

પરમકૃપાળુ પરમાત્મા સૌના જીવનમાં સુખ-શાંતિ અને સ્મૃદ્ધિની શીતળ છાંયડી આપે તેવી મનોકામના સહ....
નૂતન વર્ષાભિનંદન
રાજકમલ કન્સ્ટ્રકશન
મો. : ૯૮૨૪૨ ૦૦૭૩૬
પ્રો. હાડા કાળુસિંહ એસ.
બિલ્ડર્સ, સરકાર માન્ય કોન્ટ્રાક્ટર, ગાંધીનગર
કોન્ટ્રાક્ટર અને એન્જિનીયર
ફર્મ : સાંઈ રેસીડન્સી - ચિલોડા
ઉમા ગ્રીન્સ - કુડાસણા
ગોવિંદમ્ - રાયસણ

નૂતન વર્ષ આપના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન
પ્રેમબા કે. હાડા
ઉપપ્રમુખ-ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિ
જિલ્લા પ્રભારી - ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ
(મહિસાગર, દાહોદ, વડોદરા
: ફર્મ :
: પ્રોપરાઈટ :
ખોડલ એન્ટરપ્રાઈઝ
: પાર્ટનર :
રાજકમલ કન્સ્ટ્રકશન



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સમાચાર દૈનિકના કોલમીસ્ટ રાજેન્દ્ર જાનીની કોલમ “ગણતરીમાં ગાંધીનગર” પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામો આધારિત આ કોલમ તેમની લોકપ્રિય કોલમ બની હતી.
- રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન અને તેમના ધર્મપત્ની કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના અગ્રણી સાંસદ અહમદભાઈ પટેલને પણ ફરીદાબાદથી દિલ્હી હોસ્પિટલમાં રિફર કરાયા છે તેઓ પણ કોરોનાથી સંક્રમિત છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી પર જવા માટે હવે ગાંધીનગરથી સીધી બસ સેવાનો આરંભ થયો છે.
- આજથી શહેરમાં ત્રિદિવસીય મીની વેકેશનનો આરંભ થયો છે પણ લોકોએ દિવાળીમાં બહાર જવાને બદલે ઘરે રહી ઉજવણીનો આનંદ લેવાનો વિકલ્પ સ્વીકાર્યો છે.

## અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર અકસ્માત, ડ્રાઈવરને ઝોકું આવતા સર્જાયો અકસ્માત

અમદાવાદ, તા. ૧૪
સતત ટ્રાફિકથી ધમધમતા રહેતા અમદાવાદ વડોદરા હાઈવે પર મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર બનેલા અકસ્માતના બનાવમાં ટ્રેલર હાઈવેની સાઈડમાં નીચે પલ્ટી ખાઈ ગયું હતું. જેન કારણે ટ્રેલરનો ડ્રાઈવર કેબિનમાં ફસાયો હતો. ભારે જહેમત બાદ તેને બહાર કાઢવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રેલરના ડ્રાઈવરને ઝોકુ આવી જતા અકસ્માત સર્જાયો હતો. ટ્રેલરના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા ટ્રેલર હાઈવેની રેલિંગ તોડી સાઈડમાં ૩૦ ફૂટ નીચે પલ્ટી ખાઈને પડ્યું હતું. અકસ્માત વધુ ગંભીર ન હતો, પરંતુ ટ્રેલરનો ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા હાઈવે પેટ્રોલિંગની ટીમ અને નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

ફાયર વિભાગની ટીમ દ્વારા ટ્રેલરના કેબિનમાં ફસાયેલ ડ્રાઈવરને બહાર કાઢવા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. એક કલાકની જહેમત બાદ રેસ્ક્યુ કરી ટ્રેલરમાં ફસાયેલ ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો. ટ્રેલર વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહ્યું હતું, ત્યારે નડિયાદ પાસે હાઈવે પર આ ઘટના બની હતી.

## વલાદ ગામેથી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર તાલુકાના વલાદ સ્થિત ભઠ્ઠા વિસ્તારની ઝાડીઓમાંથી જુગાર રમતા ૬ શખ્સો ડભોડા પોલીસના હાથે ઝડપાયા હતા.ડભોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, ત્યારે ગણેશપુરા ભઠ્ઠા વિસ્તારમાં ઝાડીઓમાં જુગાર રમતા હોવાની બાતમી પોલીસને મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા દશરથસિંહ બળવંતસિંહ છારા (ઉં.૩૨) શનાજી ખોડાજી ઠાકોર (ઉં.૫૫) દિનેશભાઈ મુપાજી મારવાડી (ઉં.૪૦), ભીખાભાઈ કાળુભાઈ વણઝારા (ઉં.૩૦) નાના ચિલોડાનો દિલિપ ઉર્ફે દિપક ગણેશજી ઠાકોર (ઉં.૩૨) અને ચિલોડા ગામનો પરેશ રામાભાઈ રાજપુત (ઉં.૩૫) જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૧,૨૫૦ રોકડા કબ્જે લઈને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.